TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧ અંક : ૧૦ મે - ૨૦૧૩



ડૉ. ડી. પી. ચિખલીયા

## તંત્રી સ્થાનેથી....

મૃત્યુ કરતા મૃત્યુનો ભય વધારે ડરામણો હોય છે.

મૃત્યુ એક દયાહીન(Equaliser) છે. મૃત્યુ ભયનો પીતા છે. મૃત્યુ તરુણાવસ્થાનો પાયો છે.

જીવનચક્ર એક મૃત્યુની સતર્કતા થી મૃત્યુનો ભય છે, અને છેવટે મૃત્યુ એક નરી વાસ્તવિકતાનો ઘટનાચક્ર છે. આ ત્રણ સત્યો જીવન માટે ઘણુ બધુ કહી જાય છે. ધર્મ, અનુભવ વગેરે એ જીવનનું રહસ્ય એકજ શબ્દમાં મુક્યુ છે : મોક્ષ

મનુષ્ય છતાપણ આ અંતિમ સત્યથી દુર - દુર ભાગે છે. આ એક જીવવા માટે પ્રબળ ઇચ્છા છે કે સંપૂર્ણ જીવવા માટેનો ડર છે ? કદાચ જીવવાનો ડર વધારે સતાવે છે. મૃત્યુનાં ડરથી આપણે જીવનને નકારાત્મક બનાવી દીધુ છે.

એક ચિંતક કહે છે, મૃત્યુ એ જીવન કરતા વધારે સાશ્વત સત્ય છે. દરેક વ્યક્તિ મૃત્યુ ચોક્કસ પણે પામે છે, પરંતુ કોઇ જીંદગી સરખી રીતે જીવતુ નથી, જીવનનુ લુપ્ત થવું અને ફરી જીવન એતો સાશ્વત છે. ઋતુઓ પણ આવે છે,અને ઋતુઓ જાય પણ છે. પુષ્પો ખીલે છે અને મુરજાય પણ છે. પક્ષીઓ પણ ગાન કરે છે અને પ્રકૃતિમાં સમાય છે. આપણી પૃથ્વી માટે સર્વનાશ કંઇ અજાણ નથી. જીવન મૃત્યુની આ ઘટમાળ ચાલ્યા જ કરે છે. પરંતુ આશા અમર છે.

ધર્મો પણ મૃત્યુને પુર્ણવીરામ નથી સમજતા, સંપુર્ણ સત્યતો ઈશ્વરમાં વિલીન થવુ એજ છે. આપણો હિન્દુ ધર્મ મોહમાં (Salvation)માં માને છે. બૌધીષ્ઠો જીવનને સત્ય શોધવાની પરાક્રમ ભણી દોરી જાય છે. પરંતુ જીવનનું દરેક સત્ય “ મૃત્યુ પછી જીવન ” જ્યારે આપણું કાંઇ સ્વજન વિદાયલે ત્યારે ઓગળી જાય છે. આપણુ સ્વજન જવાથી આપણને એવું લાગે છે કે, આપણે એક ન ભરપાઇ થઇ શકે તેવો હિસ્સો ગુમાવ્યો છે.

ભલે મૃત્યુ એક દુઃખદ ઘટના છે. પરંતુ જ્યારે કોઇ સામુહીક મૃત્યુ માટેનું કારણ બને, તે માનવતા માટે એક કાળી ટીલી સમાન છે.

આવા નવા શસ્ત્રો કોઇ તાનાશાહ, સરમુખત્યાર, અને આજના જમાનાનાં સૌથી ખતરનાક લોકો આંતકવાદીઓના હાથમાં હોય ત્યારે, આ પછી ગુજરાતના દંગા હોય કે ૯ -૧૧ નાં બોમ્બલીંગ હોય કે રવાન્ડાનાં સામુહીક હત્યાકાંડો હોય જેમાં આવી અમાનવીય હિંસા એ કાળોકેર વર્તાવ્યો, પરંતુ જેમ પ્રકાશ હંમેશા અંધકાર માંથી નીકળે છે, તેમ સત્યની અનુભુતી આવા કપરા દુઃખ દર્દ માં થતી હોય છે.

આ સંજોગોમાં માનવતા ભર્યા સંબંધો વધારે મજબુતીથીને સારા અને ઉજ્જવળ ભવિષ્ય માટે બહાર આવે છે. મૃત્યું એક નવા જીવનનાં વહન માંટે નુ સાધન બને છે. ઈશ્વર જુની વસ્તુનાં સ્થળે નવી ચેતના પ્રગટ કરે છે.

મૃત્યુની સમજણ આપણને વધારે સારી રીતે વધારે સ્પષ્ટ જીવન જીવવાનો સંદેશ આપે છે.

ફ્રાન્સનો ચિત્રકાર લિયોનાર્ડો દ વિન્સી એક સુંદર વાત કરે છે. “ સારી રીતે પસાર કરેલો દિવસ સારી ઉંઘ લાવે છે. અને સારી રીતે જીવેલું જીવનં સુંદર મૃત્યુ તરફ દોરી જાય છે. ”

છેલ્લા ૩૧ વર્ષથી આપણાં વિસ્તાર માટે અવિરત સેવા અને તેની સાથે સતત કાર્યરત સર્મપિત સેવાની ભેખધારી ટીમ ત્રિમૂર્તિ હોસ્પિટલ પરીવારના વિશાળ દર્દી દેવો અને તેમના મિત્રો-સ્નેહીઓ દ્વારા તેના સુચનો તથા લેખો ‘ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ’ મેગેજીનમાં આવકાર્ય છે. આ માટે સંપર્ક મો.૯૭૨૭૭ ૪૭૧૦૫ તથા ઇ-મેલ : trimurtihospitals@gmail.com દ્વારા મોકલવા વિનંતી.

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧ અંક : ૧૦ મે-૨૦૧૩

**મુદ્રક ● માલિક ● પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. રમેશ ભાંખર
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. વિકાસ રાઠોડ

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮


**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂતિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

# હિમેટેમેસિસ (લોહીની ઉલ્ટી)



Dr. Parag Patel
M.S.
Endoscopist & Laproscopy
Surgeon



લોહીની ઉલ્ટી થવી એ કોઇ રોગ નથી, પણ અંદરના રોગનુ લક્ષણ છે. વધુ પડતા કેસમાં દર્દી ગંભીર પરિસ્થિતિમાં મુકાય જાય છે.

## કારણો :-

૧. અન્નનળીમાં ચાંદુ પડવુ.
૨. હોજરીમાં ચાંદુ પડવુ.
૩. નાના આતરડામાં ચાંદુ પડવુ.
૪. અન્નનળીમાં લોહીની નસો ફુલાઇ જવી. (એસોફગેઅલ વેરીસીસ)
૫. હોજરીમાં લોહીની નસો ફુલાઇ જવી. (ગેસ્ટ્રિક વેરીસીસ)
૬. અન્નનળીમાં સોજો આવવો (એસોફેજીટીસ)
૭. એસીડ કે કોઇ જલદ કેમીકલથી અન્નનળીને ઇજા થવી.
૮. હોજરીમાં એસીડીટી વધી જવી.
૯. અન્નનળી માં નિચેના છેડે ઉલ્ટી પછી ઇજા થવી.(મેલોરી વૈસ ટેર)
૧૦.અન્નનળીના હોજરીના કે નાના આંતરડાના કેન્સરની ગાંઠ માંથી.

વધારે પડતા કિસ્સામાં દર્દીને દારૂ પીવાનુ કે તંમ્બાકુ, માવો ખાવાની આદત હોય અને દારૂ પીવાથી લીવરમા સીરોસીસ નામનો રોગ થાય છે. જેથી અન્નનળીમાં લોહીની નસો ફુલી જાય છે. અને લોહિની ઉલ્ટી થાય છે. તંમ્બાકુથી અને માવા તથા ગુટખા ખાવાથી હોજરીમા અન્નનળીમા ચાંદા પડી જાય છે, જેમાંથી લોહિની ઉલ્ટી થાય છે.

## લક્ષણો :-

- લાલ કે ભુખરા કલરની ઉલ્ટી થવી,
- છાતીમાં કે પેટમાં દુખાવો થવો,
- ગભરામણ થવી, સુઇને ઉભા થાવ ત્યારે ચક્કર આવે,
- પરસેવો વળવો, ઘણીવાર કાળા કલરનુ મળ આવે છે.

## નિદાન કેવી રીતે થાય :-

સૌથી પહેલા દર્દીને શક્ય તેટલી ઉતાવળે નજીકના દવાખાનામાં સારવાર માટે પહોચાડવો જોઇએ. દર્દીના લોહીની તપાસ કરવાની અને સોનોગ્રાફી કરવાની હોય છે. આ પ્રાથમિક તપાસ કર્યા પછી દર્દીની એન્ડોસ્કોપી કરવાનું રહે છે. જેમા દુરબીનથી લોહીની ઉલ્ટી થવાનુ કારણ જાણી શકાય છે.

## સારવાર :-

જો દર્દીનુ વધારે પડતુ લોહી વહી ગયું હોયતો દર્દીનું બીપી ઓછું થઇ જાય ત્યારે દર્દીને લોહી ચડાવવુ પડે, દર્દીને ઘણી વાર આઇ.સી.યુ. માં સારવાર આપવી પડે છે. પછી દર્દીનું એન્ડોસ્કોપી કરવાનું રહે છે. એ કરવાથી લોહી નીકળવાનું કારણ ખબર પડે. જો ઇસોફેજીયલ વેરીસીસ હોય તો તેમાં રબ્બરની રીંગ બેસાડી લોહી બંધ કરવુ પડે, જેને બેંડીંગ કહેવાય છે. જેનાથી લોહી નીકળતુ બંધ થઇ જાય છે. ઘણી વાર લોહી વધારે પ્રમાણમાં આવતુ હોય તો બે કે ત્રણ વાર આ પ્રોસેસ કરવી પડે. બેંડીંગ સાથે ઘણી વાર એક સ્પેશ્યલ પ્રકારનુ ઈંજેક્શન આપવાનું હોય છે. જેને સ્કેલોરોથેરાપી કહેવાય છે. ગ્રેસ્ટ્રીક વેરીસીસમાં બેંડીંગ કરી ન શકાય. જેમાં સ્પેશ્યલ પ્રકારનો ગ્લુ આવે તેનું ઈંજેક્શન આપવું પડે છે.

જો લોહી અલ્સર (ચાંદા) માંથી આવ્યું હોય તો તેમાં ઈંજેક્શન આપીને લોહિ બંધ કરી શકાય છે. ઘણીવાર ઈંજેક્શનથી લોહિ બંધ ન થાય તો ક્લીપીંગ કરવું પડે છે.

આ બધી પ્રોસેસ કરવાથી ૯૦% કીસ્સામાં લોહી નીકળતુ બંધ થઇ જાય છે. ઘણીવાર દર્દીની પરિસ્થિતિ પ્રમાણે ઇમરજન્સી ઓપરેશન કરવુ પડે. દર્દીને આ તકલીફના થાય તે માટે વ્યસન બંધ કરવુ જરૂરી છે. તેમા પણ લીવરના દર્દીએ દારૂનું વ્યસન છોડવું જરૂરી છે.



**કીર્તિ એવી ચીજ છે જે માણસે કમાવી પડે છે,
અને ગૌરવ એવી ચીજ છે જે વ્યકિતએ ખોવી ન જોઇએ.**

# "મા"

ડૉ. શૈલેશ જાદવ

થોડાક સમય પહેલા એક ૨૨ વર્ષનો છોકરો બેભાન અવસ્થામાં દાખલ કર્યો. તે ઘરે આલ્કોહોલ લઈને સુઇ ગયા પછી ૨૪ કલાકથી જાગ્યો ન હતો, રીપોર્ટ કરતા માલુમ પડયું કે તેના શરીરમાંથી સ્યુગર ઘટી ગયુ, બધી સારવાર આપી તેમ છતાં ભાનમાં ના આવ્યો. તેની સાથે એક ૪૦ વર્ષની મહિલા હતી. મેલા કપડા, ચહેરા પર કરચલી અને આંખોમા આંસુ હતાં. તે તેની માં હતી. બે દિવસની સારવારમાં ભાનમા ના આવ્યો એટલે મગજનુ સીટી સ્કેન કરાવ્યું. તો ખ્યાલ આવ્યો કે શુગર અને ઓક્સીજન ઓછું મળવાને કારણે તેના મગજને ઈજા થઇ હતી. રાતે એટલો દારૂ પીધો હશે કે તેનાથી તેના શ્વાસની પ્રક્રિયા ધીમી થઇ ગઇ અને મગજને ઓક્સીજન ના મળ્યુ. મે તેની માતા અને સગા-વ્હાલાને વાત કરી, તેની માતા કહે : સાહેબ મારો દીકરો તો ડાહ્યો છે પણ સંગતને કારણે આમ દારૂ પીવાનું શીખી ગયો છે. મારો દીકરો કામકાજમા બધી રીતે તૈયાર છે અને ભોળો છે. મને આશ્ચર્ય થયું કે રોજ દારૂ પીને ઘરે આવતો તો પણ સારો. પણ માં છે ને. માં માટે તો ગુંડાગીરી કરતો દીકરો પણ બહુજ સારો હોય છે. ૧૨ દીવસ દાખલ રહ્યો, ૫ દીવસે આંખો ખોલી પણ કંઇ સમજતો ન હતો તેની માતા બધી જ સેવા કરતી. શરીર સાફ કરતી, પડખા ફેરવવા, કસરત કરાવવી, પેશાબ ની કોથળી ખાલી કરવી, નળીથી ખોરાક આપવો આ બધુજ કરતી. હું જોતો રહેતો કે ૨૨ વર્ષ પહેલા જ્યારે જન્મ્યો હશે ત્યારે જેમ દીકરાને સાચવતી તેવીજ રીતે આજે ૨૨ વર્ષના દીકરાની સેવા કરતી હતી. માં માટે તેનુ સંતાન ૨૨ દીવસનું નિર્દોષ બાળક હોય કે ૨૨ વર્ષનો કપાતર બધા સરખાજ છે. માં માટે તેના પ્રેમ અને કરૂણતા એટલીજ રહે છે. માં માટે તો તેનો બુઢ્ઢો દીકરો પણ નાનુ બાળક જ છે. મે એક ૫૦ વર્ષના દીકરાની તેની ૭૦ વર્ષની માં સેવા કરતી જોઇ છે. તેનો દીકરો વા ની તકલીફને કારણે ચાલી નથી શકતો, તેને ખુબજ શ્વાસ હતો એટલે ICU મા દાખલ કરેલ ત્યારે તેની ૭૦ વર્ષની માં તેના દીકરાને નાના બાળકની જેમ ખવરાવતી, નાના બાળકની જેમ તેની માથે હાથ મુકતી, નાના બાળકની જેમ તેને છાતીએ ચાંપતી.

માનવજાતીના હોઠ પર શોભતુ સૌથી સુંદર એક અક્ષરનો શબ્દ ''માં'' માં કરૂણા મુર્તિ છે. માં પ્રેમનો મહાસાગર છે, માં વાત્સલ્યથી ભરપુર છે, તેનો પ્રેમ કોઇ આશા વગરનો છે, માં માટે તેના સંતાનથી વિષેશ દુનિયામા બીજુ કંઇ જ નથી હોતુ. એક વખત મોરારજી બાપુ ગીરના જંગલમાંથી પસાર થતા એક નેસડા પાસે ગાડી ઉભી રાખી એક ઝુપડા પાસે ગયા, ભરવાડે ઝુપડા બહાર ખાટલો નાખી બેસાડયા પાણી પાયુ અને તેની ઘરવાળી ને બોલાવી :'' કહું છુ બાપુ આવ્યાછે તો દરહન કરવા બહાર આવ.''અંદરથી ઘરવાળીનો અવાજ આવ્યો :'' છોકરો ભૂખ્યો થયો છે તેને ધવરાવીને આવું છું, બાપુતો રાહ જોશે. '' બાપુએ આ સાંભળ્યુ અને કહેઃ સાચી રામાયણ તો આજે જોય હું તો ખાલી રામના ગુણગાન ગાનાર છું સાચા રામને ઓળખનાર આ સ્ત્રી છે. સાચી ગીતા આ છે, આજ વેદો અને ઉપનીસદો છે.

માં તેના લોહીમાંથી આપણને ઉછેરે છે નવ મહિના દુઃખો સહન કરી આપણો ભાર ઉપાડે છે. આપણે અહીં પૃથ્વી પર આવીએ એ ક્ષણ માં માટે સૌથી વધારે પીડાદાયક હોય છે. છતા માં તે પીડા ભૂલી જાય છે. સીર્ફ તેના સંતાનને જોઇને જન્મતાની સાથેજ માં તેના લોહીનુ દૂધ બનાવીને આપણને પોષણ આપે છે. આ દૂધથી શીવાજી, શહીદ ભગતસિંહ જેવા વીરો બને છે. આ દૂધથી જ અબ્દુલ કલામ જેવા બુધ્ધિશાળી માનવ મળ્યા છે. જ્યાં જન્મતાની સાથે જ આયા બહેનને સોંપી દેવામા આવે અને પાવડરનુ દૂધ પીતા હોય તેના સંતાનો માયકાંગલા થાય છે. રાત-દિવસ જોયા વગર માં એક સેકંડ પણ અલગ નથી કરતી, સંડાશ પેશાબ બધુ સાફ કરે છે. આંગળી પકડી ચાલતા શીખવાડે છે, કાંખમા બેસાડી દુનીયા બતાવે છે, સારા સંસ્કારો આપે છે. સમાજની રીત-રસમ શીખવે છે, માં પોતે પૈસાની કરકસર કરી સારી નિશાળમાં ભણાવે છે. યુવાન થતા આજનો સંતાન સારો જવાબ ના આપે તો પણ માં '' મારો દીકરો મારો બેટો '' કરી ભરપુર પ્રેમ આપે છે.

લગ્ન થતા જ દીકરો માં ને ભૂલી જાય છે પણ માં દીકરાને ક્યારેય ભૂલતી નથી સાથેના રાખે તો પણ માં હંમેશા દીકરાના વખાણ જ કરતી હોય છે. વૃધ્ધાશ્રમમાં રહેતી કોઇ માં ને તમે પૂછશો કે તમારા સંતાન સાથે કેમ નથી રહેતા ? તો માં ક્યારેય એમ નહિ બોલે કે મારો દીકરો અહીં મૂકી ગયો છે. માં તો એમજ કહેશે કે અહીં અમારી ઉંમરના બધા હોય એટલે ઘર કરતા અમને અહીં વધારે ફાવે છે. અમે અમારી મરજીથી અહી રહીએ છીએ. આ માં છે. કોઇ કપૂત દીકરો સાયદ માં ને લાકડી વડે મારતો હોય તો પણ માં તો એમ જ બોલે '' ખમ્મા બેટા તુ થાકી જઇશ, હાથ છોલાઇ જશે. '' આ માં છે.

માં ના આપણા ઉપર કરોડો ઉપકારો છે. બહુજ ઋણ છે. જે આપણે કરોડો જન્મ લેતા પણ ચૂકવી ના શકીએ.

એક વખત દીકરો તેની માં સાથે ઝઘડયો અને કહેઃ ''તું શું ઉપકાર ઉપકાર કરે છે '' હું આ બધાની કીંમત ચુકવી દઇશ ,પૈસા આપી દઇશ આ બધાનો કર હીશાબ, મને મોટો કર્યો, મને ભણાવ્યો. માં બોલી : બેટા ક્યારથી હિસાબ કરૂં ? દીકરો કહેઃ હું જનમ્યો ત્યારથી અત્યાર સુધીના બધા ઉપકારના પૈસા વ્યાજ સહીત આપીશ. માં કહે : બેટા મારા લોહીંમાથી તારા ગર્ભને ઉછેર્યો તે લોહીને હું કેટલા રૂપીએ લીટર ગણું ? મારા લોહીનુ દૂધ બનાવી તારૂ પોષણ કર્યુ તે દૂધ હું કેટલા રૂપીએ લીટર ગણું ? બેટા તુ જનમ્યો ત્યારે તને છાતીએ વળગાડ્યો અને મને હર્ષના આંસુ આવ્યા બેટા આનો હીશાબ તારું કયું કેલ્ક્યુલેટર કરી શકશે ? દીકરાની આંખ ખુલી ગઇ માં ની કોઇજ કીંમત નથી માં અમુલ્ય છે. માં ના આટલા ઉપકાર છતા માં આપણી પાસે કઇ માંગતી નથી.

અને છેલ્લે એક માં ને ભૂલી ગયા દીકરાને તેની મીઠી ટકોર......

મે મારા લોહીમાંથી તને ગર્ભ તરીકે ઉછેર્યો
પણ બેટા આજે તુ મને કેમ ભૂલી ગયો
મે મારા લોહીનુ દૂધ બનાવી પીવડાવ્યુ
પણ બેટા આજે તુ મને કેમ ભૂલી ગયો
મે તને આંગળી પકડી ચાલતા શીખવ્યું
મેં તને કાંખમા બેસાડી દુનીયા બતાવી
મે તને કોરામા સુવડાવી હું ભીનામાં સુતી
તને હું છાયો આપી હું તડકો વેઠતી
ખેત મજુરી કરી મે તને ભણાવ્યો
મે તને સમાજમાં ઉચુ સ્થાન અપાવ્યુ
આ ઉપકાર છે તેમ નથી કહેતી બેટા
પણ મે આપેલ સંસ્કાર તું કેમ ભૂલી ગયો
તને ઉંઘમા છીક આવે તોપણ '' ખમ્મા ''
કહેનારી આ માં ને કેમ ભૂલી ગયો
હુ તારું મોઢુ જોવા તારે દ્વારે આવી
પણ તુ તો તારી આ માં ને સાવ ભૂલી ગયો.



આહારમાં અને વ્યવહારમાં સ્પષ્ટ રહેનારો સુખી થાય છે.

# જુનાગઢની તબીબ પુત્રીએ કર્ણાટકમા ગુજરાતનુ નામ રોશન કર્યુ

જુનાગઢના જાણીતા ફિજીશ્યન ડૉ. રમેશ ભાંખરની તબીબ પુત્રી, ડૉ. રૂચી ભાંખર જેઓ રાજ્યની રાજીવ ગાંધી યુનિવર્સીટી ઓફ હેલ્થ સાયન્સ (આર.જી.યુ.એચ.એસ.) માં ડેન્ટલ સાયન્યસમાં અભ્યાસ દરમ્યાન પ્રથમથી ફાઇનલ ઇયર બી.ડી.એસ. એકઝામ માં સર્વોતમ પ્રદર્શન કરી પ્રથમ ક્રમાંક મેળવતા સૌથી વધુ ચાર ગોલ્ડ મેડલ તાજેતરમાં બેંગલોર ખાતે યોજાયેલ પદવીદાન સમારંભમા કર્ણાટકના માનનીય ગર્વનર શ્રી હંસરાજ ભારદ્વાજના હસ્તે મેડલ એનાયત થયા હતા. આમ જુનાગઢ અને ગુજરાત રાજયનુ ગૌરવ વધારી તબીબ જગત અને સમાજ શ્રેષ્ઠીઓ તરફથી અભિનંદન પાત્ર બન્યા છે.

આ દરમ્યાન કોલેજના ગ્રેજ્યુએશન ડે પર ડો રૂચીબેનને જવેલ ઓફ ધ બેચ ઘોષીત થઇને સન્માનીત થયેલ છે.




૧. હંસરાજ ભારદ્વાજનાચ હસ્તે મેડલ સ્વીકારતા. ૨. ચાર ગોલ્ડ મેડલ વિજેતા ડૉ. રૂચી ભાંખર.
૩. માતા-પિતા સાથે ખુશ ખુશાલ. ૪. મેડલ

Book-Post

To, ______________________

______________________

______________________

______________________

Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.122015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com